# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં./મા-૨/૨૦૨૫/ 18459 તા.30/08/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ
સુરત.જિ.સુરત

વિષય:- SSIP અંતર્ગત વર્કશોપ કરવા બાબત.

સંદર્ભ:- ૧.કમિશનરશ્રી શાળાઓની કચેરી,ગાંધીનગરના પત્ર ક્રમાંક: COS/0255/07/2025, તા.૨૪/૦૭/૨૦૨૫ પત્ર અન્વયે.

૨.નિયામક શાળાઓની કચેરી,ગાંધીનગરના પત્ર ક/માંક:ઘ/SSIP/૨૦૨૫/૭૧૭૫-૭૨૦૮ તા.૧૭/૦૭/૨૦૨૫

આ સાથે સામેલ કમિસનરશ્રી શાળાઓની કચેરીનો પત્ર ક્રમાંક નંબર:- COS/0255/07/2025,તા.૨૪/૦૭/૨૦૨૫ પત્ર અન્વયે રાજય સરકાર દ્વારા શાળાઓમાં ઉધમીતાને પ્રોત્સાહન આપવા માટે student Strat-up and Innovation Policy જાહેર કરવામાં આવેલ છે. સદર પોલિસીનો ઝડપથી અમલ થાય તેમાટે વિદ્યાર્થીઓ દ્વારા પોર્ટલ પર પ્રોજેકટ/ઇનોવેશનનો પ્રસ્તાવ રજૂ કરવાનો થાય છે. રજૂ થયેલા તમામ પ્રોજેકટ/ઇનોવેશનની ચકાસણી જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા થશે. જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા મંજૂર થયેલ પ્રોજેકટ/ઇનોવેશનને નાણાકીય સહાય બે હપ્તામાં ચૂકવવામાં આવશે.

સદર દરખાસ્ત કરવા માટેની પિચ ડેક આ સાથે સામેલ છે. નિયત નમૂનાની પિચ ડેકમાં વિગતો તૈયાર કરવી અને પોર્ટલ પર અપલોડ કરવા અંગેની કામગીરી **તા.૦૮/૦૯/૨૦૨૫** સુધીમાં ફરજિયાત પણે પૂર્ણ કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

# કમિશનર શાળાઓની કચેરી

બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, પુનીતવનની સામે, સેક્ટર-૧૯, ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૨૧.

---

**વંચાણે લીધા** :

(૧) શિક્ષણ વિભાગના તા.૦૪/૦૧/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક: PRC/102021/SSIP2.0/934/S.

(૨) માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અધ્યક્ષતામાં તા.૨૧/૦૪/૨૦૨૨ ની સમીક્ષા બેઠક.

(૩) માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અધ્યક્ષતામાં તા.૦૬/૦૯/૨૦૨૩ ની સમીક્ષા બેઠક.

(૪) આ કચેરીના તા.૦૧/૧૨/૨૦૨૩ ના ક.આ. ક્રમાંક: ઘ/મા-૨/SSIP PMU/૨૦૨૩/૨૧૭૦૧-૭૩૯.

(૫) આ કચેરીના તા.૨૨/૧૨/૨૦૨૩ ના ક.આ. ક્રમાંક: COS/SSP/e-file/276/2023/2113/SECONDARY (Letter No.COS/0149/12/2023)

(૬) આ કચેરીના તા.૦૩/૧૦/૨૦૨૪ ના Letter No.COS/0438/09/2024.

(૭) Project Implementation Committee (PIC) ની 6th બેઠકમાં થયેલ સુચન.

(૮) School PMU ની તા.૧૪/૦૭/૨૦૨૫ ની બેઠકમાં મળેલ મંજુરી.

**પરિપત્ર :**

રાજ્ય સરકાર દ્વારા શાળા અને કોલેજોમાં ઉદ્યમીતાને પ્રોત્સાહન આપવા માટે Student Start-up and Innovation Policy SSIP 2.0 (2022-27) જાહેર કરવામાં આવેલ છે. આ સંદર્ભે વંચાણે લીધેલા ક્રમ-૧ પરના ઠરાવથી આ પોલીસી માટે વિવિધ સમિતિઓની રચના કરવામાં આવેલ અને પોલીસીના અમલીકરણ માટેની સુચનાઓ પણ પ્રસિધ્ધ કરેલ છે. સદર પોલીસીની ગુજરાતી અને અંગ્રેજી માર્ગદર્શિકા તથા પોલીસીની વિગતો https://www.ssipgujarat.in પર ઉપલબ્ધ છે. સ્ટાર્ટ અપ અને ઈનોવેશન થકી રાજ્યના યુવાધનનું સર્જનાત્મક ક્ષમતાને વિકસાવી તેઓને સમાવેશી અને સાતત્યપૂર્ણ વિકાસમાં યોગદાન આપી "આત્મનિર્ભર ગુજરાત"ના સ્વપ્નને પરિપૂર્ણ કરવાનો વિઝન આ પોલીસીનો છે.

SSIP 2.0 નું શાળા કક્ષાએ ઝડપી અને અસરકારક અમલીકરણ થાય તે હેતુથી વંચાણે લીધેલા ક્રમ-૫ ના પરિપત્રથી વિવિધ કક્ષાએ અમલીકરણ સમિતિઓની રચના કરેલ અને તેમની ભુમિકા અને જવાબદારીઓ નક્કી કરેલ છે. વંચાણે લીધેલા ક્રમ-૬ પરના પત્રથી ઉક્ત સમિતિઓ પૈકી ઈનોવેશનનો સત્વરે નિર્ણય થાય તે હેતુથી શાળા વિકાસ સંકુલ (SVS) સમિતિને કાર્યવાહી ફ્લોમાંથી રદ્દ કરેલ.(નકલ સામેલ છે)

આ સંબંધમાં શાળાઓમાં આ પોલીસીનો ઝડપી અમલ થાય તેમજ વિદ્યાર્થી/લાભાર્થી દ્વારા પોર્ટલ પર રજુ થાય તે હેતુસર પ્રોજેક્ટ/ઈનોવેશન/PoC ને શાળા કક્ષાએ નોંધણીથી લઈને તેની પ્રાથમિક ચકાસણી અને તેની સહાય મંજુર કરવાની અને લાભાર્થીના ખાતામાં સહાયની રકમ જમા કરવાની સત્તા જિલ્લા કક્ષાની અમલીકરણ સમિતિને સોંપવા માટે Project Implementation

Committee (PIC) ની 6th બેઠકમાં પ્રક્રિયાનું વિકેન્દ્રીકરણ (decentralisation) કરવા સુચન થયેલ.

ઉક્ત PIC ના બેઠકમાં થયેલ પ્રક્રિયાના વિકેન્દ્રીકરણ (decentralisation) સુચન પરત્વે તા.૧૪/૦૭/૨૦૨૫ ની School PMU ની બેઠકમાં થયેલ નિર્ણય અનુસાર **પ્રોટોટાઈપ/સ્ટાર્ટઅપ/PoCનો તેની નોંધણીથી લઈને તેને મંજુર કરવા અને સહાય ચુકવવા સુધીની તમામ સત્તા જિલ્લા કક્ષાની અમલીકરણ સમિતિને(DLIC) સોંપવામાં આવે છે**. આ અંગેનો સુધારેલ પ્રક્રિયાનો ફ્લો ચાર્ટ અને માર્ગદર્શક સુચનાઓ નીચે મુજબની ધ્યાને લેવાના રહેશે.

<u>**તબક્કાવાર પોલીસીનું અમલીકરણનો ફ્લો ચાર્ટ**</u>

વિદ્યાર્થી/લાભાર્થી દ્વારા પ્રોટોટાઈપ/સ્ટાર્ટઅપ/PoCનો પોર્ટલ પર શાળાને પ્રસ્તાવ

↓

શાળા કક્ષાની અમલીકરણ સમિતિમાં ઈનોવેશન અને વિદ્યાર્થી સંબંધિત વિગતોની પ્રાથમિક ચકાસણી

↓

જિલ્લા કક્ષાની અમલીકરણ સમિતિ (DLIC) માં ઈનોવેશનના તમામ આયામો સાથેની ચકાસણી

↓

DLIC દ્વારા ઈનોવેશનની સહાયની રકમ નક્કી કરવી

↓

Direct Benefit Transfer (DBT) મારફતે લાભાર્થી/વિદ્યાર્થીને બે હપ્તામાં ગ્રાન્ટનું DLIC દ્વારા વિતરણ

**માર્ગદર્શક સુચનાઓ :**

1. DLIC અને શાળા કક્ષાની અમલીકરણ સમિતિ(SLIC) ઓએ ક્રમશ ૩૦ દિવસે (અથવા જરુર જણાયે તે પહેલા) આ સમિતિઓ બોલાવી તેઓને સોંપેલ જવાબદારી અને ભુમિકાઓની અસરકારક રીતે કાર્યવાહી કરવાની રહેશે. આ અંગેની વિગતવાર સુચનાઓ DLIC આપી શકશે.
2. સમિતિઓની કાર્યરીતી બાબતે સરકારશ્રીની સ્થાયી સુચનાઓનું પાલન કરવાનુ રહેશે.
3. જિલ્લા કચેરી તથા તાબાની કચેરીઓએ સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ અને ઇનોવેશન પોલિસી 2.0 ના વધુમાં વધુ પ્રચાર અને પ્રસાર માટે સમયાંતરે વિવિધ જાગૃતિ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનું સમયાંતરે આયોજન કરવાનું રહેશે.
4. વિદ્યાર્થી/ટીમ લીડર/લાભાર્થી દ્વારા પોર્ટલ પર રજુ કરેલ પ્રોટોટાઈપ/સ્ટાર્ટઅપ/PoCની માર્ગદર્શક સૂચનાઓને આધિન અંતિમ ચકાસણી જિલ્લા કક્ષાની અમલીકરણ સમિતિ (DLIC) દ્વારા કરવાની રહેશે.
5. DLIC દ્વારા મંજુર થયેલ પ્રોટોટાઈપ/સ્ટાર્ટઅપ/PoCની નાણાકીય સહાય બે હપ્તામાં ચુકવવાની રહેશે. અને આ ચુકવણું ટીમ લીડર/લાભાર્થી/વિદ્યાર્થીના સીધા બેંક ખાતામાં(DBT) જમા કરવાના રહેશે અને તેની જાણ સંબંધિત શાળાના આચાર્યશ્રી અને

શાળાના નિમાયેલ SSIP ના કો-ઓડીનેટરશ્રીને કરવાની રહેશે.

6. પ્રથમ હપ્તાની રકમની ચુકવણી કર્યા બાદ તેનો ઉપયોગ પ્રોટોટાઈપ/સ્ટાર્ટઅપ/PoCના નિર્માણ/વિકાસ/સંવર્ધન માટે થયેલ છે કે કેમ? તેની ચકાસણી અહેવાલ SLIC દ્વારા પોર્ટલ પર રજુ કર્યેથી DLIC દ્વારા દિન-૦૭ માં બીજા હપ્તાની ચુકવણી કરવાની રહેશે.
7. સદર પોલીસી હેઠળ વિદ્યાર્થી/લાભાર્થીના પ્રોટોટાઇપ/સ્ટાર્ટઅપ/PoC ને મહત્તમ કુલ ૨૦ હજારની સહાય મળવાપાત્ર છે.
8. વિદ્યાર્થીને સહાય ફાળવ્યા બાદ તેની વિગતો SSIP 2.0 પોર્ટલ પર અપલોડ કરવી ફરજિયાત રહેશે. અને તે માટે શાળાના કો-ઓર્ડીનેટરશ્રીનો પરામર્શ કરી શકશે.
9. DLIC દ્વારા આવેલ પ્રપોઝલો, તેની અન્ય વિગતો (જેવી કે CTS No., No.of Students in Team, Name, Title of પ્રોટોટાઈપ/સ્ટાર્ટઅપ/PoC, Account details, DLIC દ્વારા મંજુર કરેલ રકમ, નામંજુરીના કારણ, DBT કર્યાના તારીખ, Transcation Id) માટે એક રજીસ્ટર નિભાવવાનું રહેશે.

**ખર્ચ માર્ગદર્શિકા :**

1. વિદ્યાર્થી/લાભાર્થી SSIP 2.0 અંતર્ગત મળેલ ભંડોળનો ઉપયોગ પ્રોટોટાઇપ/સ્ટાર્ટઅપ/PoCના નિર્માણ માટે સાધનો/પાર્ટસ/સેવાઓની (Equipment/Parts/Services) પ્રાપ્તિ કરવા માટે કરી શકશે.
2. જિલ્લામાં આ યોજનાનો બહોળી પ્રસિધ્ધિ કરવા તથા તે અંગે જાગૃતિ લાવવા માટે જરુરી કાર્યવાહી DLIC એ કરવાની રહેશે. જેવી કે, વિવિધ ઈનોવેશન સ્પર્ધાઓ, ઈનોવેશન મેળાઓ, સામાજિક-આર્થિક પડકારોના ઉપાયો અંગેના કાર્યક્રમ માટે પણ કરી શકાય.
3. આ યોજના અંતર્ગત મળેલ ભંડોળના ઉપયોગ અર્થે વિદ્યાર્થી/લાભાર્થીએ અસલ બિલો તથા તેના સહાયક આધારો રજુ કરવા આવશ્યક રહેશે. જેની ખાતરી શાળા કક્ષાની સમિતિએ કરવાની રહેશે. જરુર જણાયે જિલ્લા કક્ષાની અમલીકરણ સમિતિ પાસેથી માર્ગદર્શન મેળવી શકશે.
4. DLIC દ્વારા લાભાર્થીને ફાળવેલ નાણાના ખર્ચની એન્ટ્રી શાળા કક્ષાની સમિતિએ તેના સાધનિક આધારો સાથે પોર્ટલ પર અચૂક કરવાની રહેશે.
5. આ ફંડમાંથી SSIP સિવાય અન્ય કોઈ પ્રકારનો ખર્ચ કરવો નહિ.
6. આ પોલીસી માટે જિલ્લા કચેરીના અલાયદા ખોલાવેલ બેંકમાં ખાતા School PMU દ્વારા રકમની ફાળવણી કરવામાં આવશે. તેમાં મળેલ વ્યાજની રકમ તથા વણવપરાયેલ રકમ જે તે વર્ષના અંતે School PMU માં પાછી જમા કરાવવાની રહેશે.
7. જિલ્લાના સ્તરે ફાળવવામાં આવેલ રકમના ઉપયોગ અંગેનો રેકોર્ડ જાળવવો ફરજિયાત રહેશે અને જયારે જરૂર રહે ત્યારે ઓડિટ અથવા સક્ષમ સત્તાધિકારીને રજુ કરવાના રહેશે.
8. સહાયની ફાળવણી વખતે સરકારશ્રીના જરુરી નાણાકીય સિદ્ધાંતો અમલ કરવાના રહેશે.
9. ગ્રાન્ટ ખર્ચનું UTC દર ત્રણ માસે School PMU ને ફરજિયાત મોકલી આપવાનું રહેશે.

**અરજી પ્રક્રિયા :**

1. ટીમ લીડર/વિદ્યાર્થીએ/લાભાર્થીએ SSIP અંતર્ગત લાભ મેળવવા માટે પ્રોટોટાઇપ/સ્ટાર્ટઅપ/PoCની નિયત નમુનામાં https://www.ssipgujarat.in/school_pmu પોર્ટલમાં CTS અને અન્ય વિગતો સાથે લોગઈન થઈને શાળા કક્ષાની સમિતિને અરજી કરવાની રહેશે.
2. અરજી/પ્રપોઝલથી લઈને તેની મંજુરી અંગેની સમગ્ર પ્રક્રિયા નિયત પોર્ટલ મારફતે જ કરવાની રહેશે.

3. આ રીતે મળેલ અરજીને શાળા કક્ષાની સમિતિ દ્વારા ચકાસણી કરી પ્રોટોટાઈપ/સ્ટાર્ટઅપ/PoCની વિગતો સાથે જિલ્લા કક્ષાની અમલીકરણ સમિતિ (DLIC) ને પોર્ટલ મારફતે મોકલી આપવાની રહેશે.
4. DLIC દ્વારા માર્ગદર્શક સુચનાઓને આધિન પ્રોટોટાઈપ/સ્ટાર્ટઅપ/PoCની આ રીતે મળેલ દરખાસ્તોની વિગતોની ચકાસણી કરીને SSIP 2.0 ની ગ્રાન્ટમાંથી વિદ્યાર્થી/લાભાર્થી/ટીમ લીડરને આપવાની થતી સહાયની રકમ નક્કી કરવાની રહેશે. અને તે અંગેની નોંધ પોર્ટલ પર કરવાની રહેશે.

**<u>શાળા સ્તરે પ્રપોઝલની ચકાસણી માટેની માર્ગદર્શિકા:</u>**

1. પોર્ટલ પર પ્રપોઝલ કરનાર વિદ્યાર્થી/ટીમ ખરેખર પોતાની શાળાના છે કે કેમ? તેની રેકર્ડ આધારિત ખાતરી કરવી.
2. વિદ્યાર્થી/ટીમ લીડર દ્વારા પોર્ટલ પર રજુ કરેલ અન્ય વિગતો જેવી કે, બેંક ખાતાની વિગતો, શૈક્ષણિક બાબતો, ઓળખ વિગેરે બાબતે શાળાના આચાર્યશ્રીએ પુરતી ચકાસણી કરવાની રહેશે.
3. સમાન પ્રકારના સ્ટાર્ટઅપ આઈડિયા અગાઉ શાળામાંથી રજીસ્ટર થયા છે કે નહીં તેની ચકાસણી કરવાની રહેશે. આ માટે વિદ્યાર્થી/ટીમ તથા પ્રોટોટાઈપ/સ્ટાર્ટઅપ/PoCની ટૂંકમાં અને પ્રાથમિક વિગતો સાથેનું એક રજીસ્ટર શાળા કક્ષાએ નિભાવવાનું રહેશે.
4. પ્રપોઝલમાં રજુ કરેલ પિચ ડેક, વિડિયો લિંક, અને ગ્રાન્ટની માંગ પૂર્ણ અને યોગ્ય ફોર્મેટમાં હોવી જોઈએ.
5. જો એક પ્રોટોટાઈપ/સ્ટાર્ટઅપ/PoC પર એકથી વધુ વિદ્યાર્થીઓ કામ કરતા હોય તો તેમને ટીમમાં સામેલ વિદ્યાર્થીઓનો સંમતિ પત્ર અપલોડ કરેલ છે કે કેમ તેની તપાસ કરવાની રહેશે.
6. શાળાના SSIP કોઓર્ડીનેટરએ ખાસ ધ્યાન આપવું કે શું વિદ્યાર્થી/ટીમ દ્વારા રજુ કરવામાં આવેલ આઈડિયા પર કામ કરવાનો પુરતો જુસ્સો દાખવે છે કે કેમ.
7. જો પિચ ડેક, વિડિયો, અથવા અન્ય જરૂરી માહિતી ખોટી હોય અથવા અધૂરી હોય તો Resubmit માટે વિદ્યાર્થીને પોર્ટલ પર મોકલવું અને તે બાબતની જાણ વિદ્યાર્થી અને SSIP કો-ઓર્ડીનેટરશ્રીને તુરંત કરવી.
8. જો વિદ્યાર્થી તમારી શાળાનો ન હોય અથવા ખોટી માહિતી હોય તો Reject કરવું.
9. જો આઈડિયા અગાઉથી શાળામાંથી મોકલાયેલો હોય તો તેવી પ્રપોઝલને Reject કરવું.
10. વિદ્યાર્થી દ્વારા રજુ કરેલ વિગતો યોગ્ય જણાય તો પ્રપોઝલ મળ્યેથી નિયત વિગતો અને ભલામણ સાથે પ્રપોઝલને DLIC ને પોર્ટલ મારફતે જ દિન-૦૭ માં મોકલી આપવાનું રહેશે.
11. પ્રથમ હપ્તાની રકમ જિલ્લા કક્ષાએથી મંજુર થયેથી અને તેની પ્રથમ હપ્તાની વિદ્યાર્થી/ટીમ લીડરના ખાતામાં જમા થયા બાદ તેનો ઉપયોગ પ્રોટોટાઈપ/સ્ટાર્ટઅપ/PoCના નિર્માણ/વિકાસ/સંવર્ધન માટે થયેલ છે કે કેમ? તેની ચકાસણી અહેવાલ પોર્ટલ પર અચુક રજુ કરવાનો રહેશે. ત્યારબાદ જ DLIC દ્વારા બીજા હપ્તાની ચુકવણી કરવાની પ્રક્રિયા હાથ ધરશે.
12. શાળા અને જિલ્લા કક્ષાએ આવેલ સમાન આઈડિયા ધરાવતા પ્રપોઝલ્સમાં ખાસ ધ્યાનથી ચકાસવું કે જો દરેક વિદ્યાર્થીઓની તે આઈડિયા પર કામ કરવાની રીત અલગ અલગ હોય તો તેને અપ્રુવલ આપવી.

**<u>જિલ્લા સ્તરે પ્રપોઝલની ચકાસણી માટેની માર્ગદર્શિકા:</u>**

1. શાળા સ્તરે આપેલી મંજૂરીનું નોંધપાત્ર દસ્તાવેજ અપલોડ થયેલ છે કે કેમ તેની તપાસ કરવી.
2. પ્રસ્તાવિત આઈડિયા પૂર્વે રજીસ્ટર થયેલા સમાન પ્રકારના પ્રસ્તાવથી જુદો અને નવો લાગે છે કે કેમ તેનું મૂલ્યાંકન કરવુ.
3. પિચ ડેક અને વિડિયો શૈક્ષણિક સ્તર મુજબ સ્પષ્ટ અને સમજણસભર છે કે કેમ તેની પુરતી ચકાસણી કરવી.

4. વિદ્યાર્થી/ટીમ દ્વારા માંગેલી અને શાળાએ કરેલ ભલામણ સહાયની રકમને હકીકતમાં પ્રોટોટાઈપ/સ્ટાર્ટઅપ/PoC ના વિકાસ/નિર્માણ/સંવર્ધન પર આધારિત લાગે છે કે કેમ તેની સમીક્ષા કરવી.
5. સહાયની માંગ પ્રોટોટાઈપ/સ્ટાર્ટઅપ/PoCને અનુરૂપ ન હોય અથવા અધૂરા તારણ પર આધારિત હોય તો Resubmit માટે શાળાને પરત મોકલવાની રહેશે.
6. સાધનિક આધારો અધૂરાં હોય, માર્ગદર્શક ન હોય, કે શાળાની સમિતિની અપ્રુવલ ન હોય તેવા પ્રપોઝલને Reject કરવાની રહેશે.
7. જો અગાઉથી એ જ પ્રકારના આઈડિયા એજ શાળાએથી આવી ગયા હોય તો Reject કરવુ.
8. પોર્ટલ પર કરેલ પ્રપોઝલને જ ગ્રાહ્ય રાખવાની રહેશે. અન્ય કોઈ માધ્યમથી આવેલ અરજી/પ્રપોઝલને ગ્રાહ્ય રાખવાના રહેશે નહિ.
9. શાળા અને જિલ્લા કક્ષાએ આવેલ સમાન આઈડિયા ધરાવતા પ્રપોઝલ્સમાં ખાસ ધ્યાનથી ચકાસવું કે જો દરેક વિદ્યાર્થીઓની તે આઈડિયા પર કામ કરવાની રીત અલગ અલગ હોય તો તેને અપ્રુવલ આપવી.

**નાયબ નિયામક (માધ્યમિક) –વ-**

**સભ્ય- School Education PMU**

**ગુ.રા. ગાંધીનગર**

પ્રતિ

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ. (તાબાની તમામ શાળાઓને જાણ તથા અમલ કરાવવા સારૂ)
- નોડલ અધિકારીશ્રી (SSIP 2.0)-વ-મદદનીશ નિયામકશ્રી (ભરતી), આ કચેરી.

**નકલ સવિનય રવાના :**

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (શિક્ષણ), પ્રથમ માળ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત નોલેજ સોસાયટી, C/o કમિશનર ઑફ ટેકનિકલ એજ્યુકેશન, ત્રીજો માળ, બ્લૉક નં.૨, કર્મયોગી ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ભોયતળિયું, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
- SSIP 2.0 School Education PMU ના સભ્યશ્રીઓ.
- આદેશ ફાઈલે.

Signature Not Verified
Signed by:Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date: 2025.07.24 12:44:07 +05:30

**By Email/SSIP 2.0 સંદર્ભ**

ક્રમાંક: ઘ/SSIP/2025/7175-7208
નિયામક શાળાઓની કચેરી
બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
પુનીતવનની સામે, સેક્ટર-૧૯,
ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૨૧
તા. ~~16~~ 17-07-2025

**પ્રતિ,**

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી: તમામ, ગુજરાત રાજ્ય.

**વિષય:** SSIP 2.0 અંતર્ગત નિમાયેલ કો-ઓર્ડીનેટરની વિગતો શાળા ડેશબોર્ડ પર ઉમેરો/અપડેટ કરવા બાબત.

**સંદર્ભ:** 1. શિક્ષણ વિભાગના તા.૦૪/૦૧/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક: PRC/102021/SSIP2.0/934/S.

2. આ કચેરીના તા.૨૨/૧૨/૨૦૨૩ ના ક.આ. ક્રમાંક: COS/SSP/e-file/276/2023/2113/SECONDARY (Letter No.COS/0149/12/2023)

3. આ કચેરીના તા.૦૩/૧૦/૨૦૨૪ ના Letter No.COS/0438/09/2024

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે સવિનય જણાવવાનું કે, શિક્ષણ વિભાગ તા. ૦૪/૦૧/૨૦૨૨ ના ઠરાવથી રાજ્ય સરકાર દ્વારા શાળા અને કોલેજમાં ઉદ્યમીતાને પ્રોત્સાહન આપવા માટે Students Start-up and Innovation Policy- SSIP 2.0 (2022-27) જાહેર શરૂ કરવામાં આવેલ છે. જે ક્રમશ: શાળા કક્ષાએ અમલીકરણ કરવાનો રહે છે.

આ સંદર્ભે શિક્ષણ વિભાગ તા. ૦૪/૦૧/૨૦૨૨ ના ઠરાવથી આ પોલીસીના અમલીકરણ માટેની સુચનાઓ પણ પ્રસિદ્ધ કરેલ છે. જેના અનુસંધાને અત્રેના તા.૨૨/૧૨/૨૦૨૩ ના પરિપત્ર (તથા તા.૦૩/૧૦/૨૦૨૪ ના સુધારા પરિપત્ર) મુજબ આપના તાબા હેઠળની તમામ શાળાઓમાં શાળા કક્ષાની સમિતિ અને જિલ્લા કક્ષાની અમલીકરણ સમિતિ બનાવવા જણાવેલ હતુ.

આ સંદર્ભે આપના તાબા હેઠળની તમામ શાળાઓમાં શાળા કક્ષાની સમિતિમાં નિમાયેલ "SSIP કો-ઓર્ડીનેટર" તથા શાળાના આચાર્યની વિગતો SSIP પોર્ટલ પર 'શાળા ડેશબોર્ડ' પર દિન-૦૩ માં ઉમેરો/અપડેટ કરવા આપની કક્ષાએથી તાબા હેઠળની તમામ શાળાઓના તમામ આચાર્યશ્રીઓને સુચના આપવા જણાવવામાં આવે છે. આ સાથે 'શાળા ડેશબોર્ડ' પર વિગતો ઉમેરો/અપડેટ કરવા અંગેની માર્ગદર્શિકા અને શાળા ડેશબોર્ડ લોગીન કરવા માટેની લિંક સામેલ છે.

શાળા ડેશબોર્ડ લોગીન લિંક: https://www.ssipgujarat.in/admin20/Users/slogin

માર્ગદર્શિકા લિંક: https://shorturl.at/xaa43

નાયબ નિયામક
માધ્યમિક
ગુ.રા. ગાંધીનગર